॥ શ્રી સિધ્ધાંબિકાય નમઃ ॥

# શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ

## બંધારણ

❑ પ્રસ્તાવિક :

દિશાવાળ સમાજ માન્યતા મુજબ ડીસા મુકામથી સમસ્ત ભારતમાં સમયે સમયે નિવાસી થયેલ છે. તે પ્રકારે દશા દિશાવાળ જ્ઞાતિના એક કબીલા જે નવગામમાં રહેતા હતા, તેઓના સમૂહને **શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ** તરીકે ઓળખ થયેલ હતી. પહેલા કુટુંબો નવગામ જેવા કે સિધ્ધપુર, વાલમ, સુંદીયા,પસવાદળ, માહી, મહેરવાડા-ભુણાવ, વિસનગર, મહેસાણા, બાલીસણા વિગેરે ગામોમાં રહેતા હતા. સમય જતાં પરિવર્તન આવતાં એ બધા ગામોના કુટુંબીઓ અલગ અલગ શહેરોમાં નોકરી-ધંધાર્થે હાલ ગયા છે, તે પ્રમાણે નવગામની ઓળખ રાખી આજ કુટુંબોને એક સમાજના વડપણ હેઠળ આવરી લઈ હાલના સમયમાં પ્રવર્તમાન કાયદાઓના કારણે રજીસ્ટર્ડ ટ્રસ્ટ ઉભું કરવાની તાતી જરૂર ઉભી થયેલ છે. હાલના પ્રવર્તમાન કાયદાને અનુરૂપ ટ્રસ્ટનું બંધારણ બનાવીને કાયદાકીય સ્વરૂપ આપવા માટે આ બંધારણ બનાવવામાં આવ્યું છે. **જે સમસ્ત જ્ઞાતિની સામાન્ય સભા તા. ૪-૪-૨૦૦૪ના રોજ મળેલ હતી તેમાં મંજુર થયેલ છે અને તે તારીખથી અમલમા આવેલ છે.**

**(૧) ટ્રસ્ટનું નામ :** આ ટ્રસ્ટનું નામ **શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ** રહેશે.

**(૨) રજીસ્ટર્ડ ઓફીસ :** આ ટ્રસ્ટની રજીસ્ટર્ડ ઓફિસનું સરનામું નીચે મુજબનું રહેશે.

બી-૧૬, મારૂતિ કોમ્પલેક્ષ, સિધ્ધરાજ જયસિંહ રોડ, સિધ્ધપુર-૩૮૪ ૧૫૧. (ઉ.ગુ.)

---

તેમ છતાં ઉપરોક્ત સરનામામાં જ્ઞાતિની સામાન્ય સભા જરૂરિયાત મુજબ ફેરફાર કરી શકશે.

**(૩) સભ્ય પદ :**

શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજમાં જન્મેલા દરેક વ્યકિત સ્ત્રી / પુરૂષ **આજીવન સભ્ય** ગણાશે, નવગામ જ્ઞાતિમાં જન્મેલ પરંતુ અન્ય જ્ઞાતિમાં લગ્ન કરેલ પુત્રીઓનાં સભ્યપદનો આપોઆપ અંત આવેલ ગણાશે. ઉપરાંત, **ટ્રસ્ટી મંડળમાં** અને **કારોબારી કમીટીમાં** ઉમેદવારી કરતી વખતે આવા આજીવન સભ્યની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.

**(૪) ઉદ્દેશો :**

(૧) સમસ્ત સમાજમાં કેળવણી અને જ્ઞાનનો ફેલાવો થાય તેવી યોજનાઓ બનાવવી અને અમલમાં મુકવી.
(૨) સમસ્ત સમાજમાં જાગૃતિ આવે તેવા કાર્યો કરવા.
(૩) સમસ્ત સમાજ માટે વૈદકીય સારવારની સુવિધાઓ ઉભી કરવી અને સમાજના જરૂરિયાતમંદ ભાઈ-બહેનો, બાળકોને મદદરૂપ બનવું.
(૪) સમસ્ત સમાજમાં સુધારણા માટે સમયે સમયે સુરિવાજો બનાવવા અને તેનો અમલ કરાવવો.
(૫) સમસ્ત સમાજની મહિલાઓ અને યુવાનોમાં સામાજીક એકતા થાય તેવા પ્રશિક્ષણો ગોઠવવા.
(૬) સમસ્ત સમાજની **સામાજીક સુરક્ષા યોજના** વિચારવી અને આ યોજનાઓને અમલમાં મુકવી.
(૭) સમયે સમયે સમાજના બધા લોકોને લાભ મળે તેવા પ્રયાસો ગોઠવવા અને સંચાલન કરવું.
(૮) સમયે સમયે સંઘોનું આયોજન કરવું અને જ્ઞાતિ સંમેલનો ભરવા.
(૯) ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧માં દર્શાવેલ **સખાવતી હેતુ (Charitable Purpose)** ની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ **ગરીબોને રાહત (Relief of Poor), શિક્ષણ (Education), વૈદકીય રાહત (Medical Relief), અને યુવક-યુવતિ વિવાહ-લગ્ન સંમેલનો** અને સામાન્ય જનતાની ઉપયોગીતા માટે **નફો કરવાના ઉદ્દેશથી ન થતી હોય તેવા પ્રકારની તમામ પ્રવૃતિઓ કરવા.**

**(૫) ટ્રસ્ટી મંડળ :**

(૧) ટ્રસ્ટી મંડળમાં ઓછામાં ઓછા ૯ અને વધુમાં વધુ ૧૫ ટ્રસ્ટીઓ રહેશે.
(૨) ટ્રસ્ટી મંડળમાં સમાજના પ્રમુખ અને મંત્રી હોદ્દાની રૂએ તેમના હોદ્દાની મુદત સુધી/ આમંત્રિત ટ્રસ્ટી ગણાશે.
(૩) સમાજની વિવિધ પ્રવૃતિઓમાંથી ઉભી થયેલ સ્થાવર કે જંગમ મિલકતના વહીવટ માટે ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના સમાજના આજીવન સભ્યો માંથી **ટ્રસ્ટી મંડળની નિમણુંક સામાન્ય સભામાં** કરી શકાશે.
(૪) ટ્રસ્ટી મંડળની નિમણુંક કરતી વખતે સમસ્ત સમાજને પ્રતિનિધિત્વ મળી રહે તે પ્રમાણે **ટ્રસ્ટી મંડળની નિમણુંક** કરાશે.
(૫) **ટ્રસ્ટી મંડળની મુદત ૧૦ વર્ષની** રહેશે, અથવા ૧૦ વર્ષ બાદની જ્ઞાતિની સામાન્ય સભામાં નવા ટ્રસ્ટી મંડળની નિમણુંક થાય ત્યાર સુધીની રહેશે.

(૬) ટ્રસ્ટી મંડળમાં ટ્રસ્ટીના રાજીનામાંથી અથવા અવસાનથી અથવા અન્ય કારણસર ખાલી પડેલ જગ્યા ઉપર ટ્રસ્ટી મંડળના બાકીના સભ્યો ટ્રસ્ટી મંડળની બાકી રહેલી મુદત માટે નવા ટ્રસ્ટીઓની નિમણુંક કરી શકશે.

(૭) ટ્રસ્ટી મંડળમાં કોઈપણ ટ્રસ્ટી સમાજના હિત વિરૂધ્ધ કોઈપણ કાર્ય કરે તો, ટ્રસ્ટીમંડળના બાકીના સભ્યો બહુમતીથી જે તે ટ્રસ્ટીને હોદ્દા ઉપરથી દુર કરી નવા ટ્રસ્ટીની નિમણુંક કરી શકશે.

(૮) ટ્રસ્ટી મંડળની ૧૦ વર્ષની મુદત પત્યા બાદ રચાતા નવા ટ્રસ્ટી મંડળમાં જુના ટ્રસ્ટીઓની પુનઃ નિમણુંક થઈ શકશે.

(૯) ટ્રસ્ટી મંડળની પોતાની પ્રથમ મીટીંગમાં પોતાનામાંથી કોઈપણ એક ટ્રસ્ટીને ટ્રસ્ટી મંડળના ચેરમેન તરીકે નીમી શકશે.

(૧૦) ટ્રસ્ટી મંડળના દરેક નિર્ણય બહુમતીથી કરવામાં આવશે.ચેરમેનને પોતાનો વધારાનો કાસ્ટીંગ વોટ (Casting Vote) નો અધિકાર રહેશે.

(૧૧) ટ્રસ્ટી મંડળના હક્કો અને ફરજો પબ્લીક જાહેર ટ્રસ્ટના કાયદા અનુસાર રહેશે.

(૧૨) સમાજની સામાન્ય સભા તા. ૪-૪-૨૦૦૪ના રોજ યોજાયેલ તેમા પ્રથમ ટ્રસ્ટી મંડળની સર્વાનુમતે નિમણૂક કરીને બહાલી આપવામાં આવેલ છે. પ્રથમ ટ્રસ્ટી મંડળના સભ્યોના નામ નીચે મુજબ છે.

## સર્વાનુમતે પસંદગી પામેલ ટ્રસ્ટીઓની યાદી

| નં. | નામ | | હાલ | મુળ વતન |
|---|---|---|---|---|
| (૧) | શ્રી વિનોદભાઇ મંગળદાસ શાહ | - | સિધ્ધપુર | પસવાદળ |
| (૨) | શ્રી રજનીકાન્તભાઇ પરસોત્તમદાસ શાહ | - | છાપી | માહી |
| (૩) | શ્રી કનૈયાલાલ ભીખાલાલ શાહ | - | અમદાવાદ | સુંઢિયા |
| (૪) | શ્રી નરેન્દ્રભાઇ પોપટલાલ શાહ | - | અમદાવાદ | સિધ્ધપુર |
| (૫) | શ્રી નવિનભાઇ બબલદાસ શાહ | - | ઉંઝા | વાલમ |
| (૬) | શ્રી પ્રવિણભાઇ નરોત્તમદાસ શાહ | - | સિધ્ધપુર | મહેરવાડા-ભુણાવ |
| (૭) | શ્રી અશેષભાઇ લક્ષ્મણદાસ શાહ | - | મહેસાણા | વિસનગર-વડનગર |
| (૮) | શ્રી મધુસુદનભાઇ માણેકલાલ શાહ | - | અમદાવાદ | બાલીસણા |
| (૯) | શ્રી બાલકૃષ્ણભાઇ વ્રજલાલ શાહ | - | મહેસાણા | મહેસાણા |
| (૧૦) | શ્રી મનહરલાલ શાંતિલાલ કોઠારી | - | નવા ડીસા | --- |
| (૧૧) | શ્રી બીપીનભાઇ પ્રેમાનંદદાસ શેઠ | - | મહેસાણા | પ્રમુખ, હોદ્દાની રૂહે |
| (૧૨) | શ્રી કૌશિકભાઇ રસીકલાલ શાહ | - | મહેસાણા | મંત્રી, હોદ્દાની રૂહે |
| (૧૩) | શ્રી શૈલેષભાઇ ચીમનલાલ શાહ | - | અમદાવાદ | મંત્રી, હોદ્દાની રૂહે |

**(૬) કારોબારી સમિતી :**

(૧) સમાજના ઉદેશોની સિધ્ધી માટેના વહીવટી કામકાજ માટે ૧૮ વર્ષકે તેથી વધુ ઉંમરના સમાજના આજીવન સભ્યો સામાન્ય સભામાં કારોબારી સમિતીની નિમણુંક કરી શકશે.

(૨) કારોબારી સમિતીમાં ઓછામાં ઓછા ૨૧ અને વધુમાં વધુ ૪૧ સભ્યો રહેશે. કારોબારી સમિતિમાં ઓછામાં ઓછી ૩ બહેનો સભ્યો રહેશે.

(૩) કારોબારી સમિતીની મુદત ૨ વર્ષની રહેશે, અથવા ૨ વર્ષ બાદની સામાન્ય સભામાં નવી કારોબારી સમિતીની નિમણુંક થાય ત્યાં સુધીની રહેશે.

(૪) કારોબારી સમિતીની નિમણુંક કરતી વખતે સમસ્ત સમાજને પ્રતિનિધિત્વ મળી રહે તે પ્રમાણે સભ્યોની નિમણુંક કરાશે.

(૫) કારોબારી સમિતીમાં સભ્યના રાજીનામાથી અથવા અવસાનથી અથવા અન્ય કારણસર ખાલી પડેલ જગ્યા ઉપર કારોબારી સમિતીના બાકીના સભ્યો કારોબારી સમિતીની બાકી રહેલી મુદત માટે નવા કારોબારી સભ્યની નિમણુંક કરી શકશે.

(૬) કારોબારી સમિતીમાં કોઈપણ સભ્ય સમાજના હિત વિરૂધ્ધ કોઈપણ કાર્ય કરે તો કારોબારી સમિતીના બાકીના સભ્યો બહુમતીથી જે તે સભ્યને હોદ્દા ઉપરથી દુર કરી નવા સભ્યની નિમણુંક કરી શકશે.

(૭) કારોબારી સમિતીની ૨ વર્ષની મુદત પત્યા બાદ રચાતી નવી કારોબારી સમિતીમાં **જુના કારોબારી સભ્યની પુનઃ નિમણુંક** થઈ શકશે.

(૮) કારોબારી સમિતી જરૂરિયાત પ્રમાણે સમાજમાંથી **વધુમાં વધુ ૫ સભ્યો કો-ઓપ્ટ** કરી શકશે. આવા સભ્યો કાર્યવાહક સમિતીના જ સભ્યો ગણાશે. અને તેમની **મુદત કાર્યવાહક સમિતીના સભ્યો જેટલી જ** રહેશે.

**(૭) હોદ્દેદારો :**

(૧) કારોબારી સમિતીના સભ્યો પ્રથમ મીટીંગમાં પોતાના પૈકી **પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી** એમ કુલ **પાંચ (૫) સભ્યોની નિમણુંક બહુમતીથી** કરી શકશે.

(૨) **આ હોદ્દેદારોની મુદત કારોબારી કમીટીની મુદત જેટલી જ રહેશે.**

**(૮) હોદ્દેદારોની સત્તા અને ફરજો :**

**(૧) પ્રમુખ :**

**(ક)** સમાજની પ્રત્યેક સમિતીના અધ્યક્ષ તરીકે પ્રમુખ રહેશે.

**(ખ)** સમાજની કારોબારી સમિતીની સભામાં અને સામાન્ય સભામાં પ્રમુખ સ્થાન સંભાળશે અને મીટીંગનું સંચાલન કરશે.

**(ગ)** સમાજની ખુબજ તાકીદની બાબતો અંગેનો નિર્ણય અન્ય હોદ્દેદારો સાથે વિચારવિમર્શ કરીને વિવેકબુધ્ધિથી લેશે.

**(ઘ)** અગત્યના કામકાજ માટે તેમજ નીતિવિષયક નિર્ણયો લેવા માટે પ્રમુખ સામાન્ય સભા તેમજ કારોબારી સભા બોલાવવા માટે મંત્રીને સુચન કરી શકશે.

**(ચ)** કારોબારી સમિતીમાં **દરેક નિર્ણય બહુમતીથી** કરવામાં આવશે. પ્રમુખને પોતાનો વધારાનો **કાસ્ટીંગ વોટ (Casting Vote)** નો અધિકાર રહેશે.

**(છ)** સમાજના વાર્ષિક અહેવાલો તથા કારોબારી સમિતી તેમજ સામાન્ય સભાની મિનીટ્સબુક તૈયાર કરવાની મંત્રીને સુચના આપશે અને સભાની **મિનીટ્સમાં** સહી કરશે.

**(૨) ઉપપ્રમુખ :**

**(ક)** ઉપપ્રમુખ પ્રમુખને તેમની ફરજોમાં મદદ કરશે.

**(ખ)** પ્રમુખશ્રીની ગેરહાજરીમાં પ્રમુખ તરીકેના દરેક હક્કો અને ફરજો બજાવશે.

**(૩) મંત્રી :**

**(ક)** સમાજના રોજ બરોજના કાર્યો તથા સમાજના હેતુઓની સિદ્ધી માટેના તમામ કાર્યો મંત્રી બજાવશે.

**(ખ)** સામાન્ય સભા / કારોબારી સમિતી તથા ટ્રસ્ટ મંડળની સભાએ કરેલ સર્વે ઠરાવોની ઠરાવ બુકમાં નોંધ કરી તેનો અમલ કરાવશે.

**(ગ)** સમાજના કાર્યો અંગે પત્રવ્યવહાર કરવાનું તથા કારોબારી સમિતીએ લીધેલ નીતિવિષયક નિર્ણયોની સમાજના સભ્યોને જાણ કરવાનું કાર્ય સંભાળશે.

**(ઘ)** સમાજના ઉદ્દેશો સિધ્ધ કરવા માટે કારોબારી સમિતીની મંજુરી લઈને યોગ્ય યોજનાઓ બહાર પાડવાના તમામ કાર્યો કરશે.

**(ચ)** **કારોબારી સમિતી, સામાન્ય સભા** તથા **અસાધારણ સામાન્ય સભા** બોલાવવા અંગે પત્ર વ્યવહાર કે સરક્યુલર બહાર પાડવા અંગેનું કાર્ય કરશે.

**(છ)** સમાજના વાર્ષિક અહેવાલો તૈયાર કરાવવા તેમજ સમાજની યોજનાઓના અંદાજપત્રો તૈયાર કરવાં અને યોજનાની પ્રગતિનો અહેવાલ કારોબારી સમિતી સમક્ષ રજૂ કરવાનું કાર્ય કરશે.

**(જ)** પ્રમુખ તથા કારોબારી સમિતીની સુચના અનુસાર અન્ય ફરજો બજાવશે.

**(ઝ)** સમાજના **સભ્યોનાં નામ-સરનામાંની** યાદી તૈયાર કરાવી તેમાં **વખતોવખત** સુધારા કરાવશે.

**(૪) સહમંત્રી :**

**(ક)** મંત્રીની સુચના અનુસાર દરેક કાર્યમાં સહમંત્રી મદદરૂપ થશે.

**(ખ)** મંત્રીની ગેરહાજરીમાં મંત્રી તરીકેના સર્વ હક્કો અને ફરજો સહમંત્રી બજાવશે.

**(૫) ખજાનચી :**

**(ક)** સમાજને થયેલ આવક કે મળેલ ભેટની રકમોની યોગ્ય નોંધ કરશે.

**(ખ)** સમાજની આવક જાવકના તમામ હિસાબો,રોકડ-પુરાંત,બેંક સિલક તથા નાણાંકીય રસીદોની જાળવણીની જવાબદારી ખજાનચીની રહેશે.

(ગ) નાણાંકીય વર્ષ પુરૂ થયાં બાદ સમાજના હિસાબો તૈયાર કરાવી, ઓડીટ કરાવી કારોબારી સમિતી સમક્ષ રજુ કરશે.

(ઘ) સમાજના વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં મંત્રીને મદદરૂપ થશે.

(ચ) પ્રમુખ/મંત્રી તથા કારોબારી સમિતીની સુચના અનુસાર અન્ય ફરજો બજાવશે.

**(૯) રોકાણો :**

(૧) સમાજની સઘળી સ્થાવર અને જંગમ મિલકત સમાજના નામે રહેશે.

(૨) સમાજને પ્રાપ્ત થયેલ નાણાંકીય ભંડોળ સમાજના ઉદ્દેશો સિધ્ધ કરવાના કોઈપણ કાર્ય માટે થઈ શકશે.

(૩) સમાજને પ્રાપ્ત થયેલ નાણાંકીય ભંડોળ માટે સમાજના નામે કોઈપણ શીડ્યુલ બેંકમાં અથવા જાહેર ક્ષેત્રની બેંક માં સમાજનું બેંક ખાતું ખોલાવી શકાશે. આ ખાતા માટે બેંક તથા તેની શાખા કાર્યવાહક સમિતી નક્કી કરી શકશે.

(૪) સમાજના નામે ખોલાવેલ બેંક ખાતાનું સંચાલન કારોબારી સમિતીએ નીમેલ હોદ્દેદારો એટલે કે પ્રમુખ, મંત્રી, ઉપપ્રમુખ, સહમંત્રી અને ખજાનચી એમ કુલ પાંચ સભ્યો પૈકી **કોઈપણ બેની સંયુક્ત સહીથી** થઈ શકશે.

(૫) સમાજના નાણાંકીય ભંડોળનું રોકાણ કારોબારી સમિતીની સભામાં નક્કી થાય તે મુજબ તેમજ ટ્રસ્ટ એક્ટ અને આવકવેરા કાયદાને અનુલક્ષીને સમાજના હોદ્દેદારો કરી શકશે.

**(૧૦) હિસાબી વર્ષ :**

સમાજનું હિસાબી વર્ષ આવકવેરાના કાયદા અનુસાર નાણાંકીય વર્ષ એટલેકે **૧લી એપ્રિલથી ૩૧ માર્ચ સુધીનું** રહેશે.

**(૧૧) સભાઓ :**

**(૧) ટ્રસ્ટી મંડળ :**

(ક) ટ્રસ્ટી મંડળની મીટીંગ વર્ષમાં **ઓછામાં ઓછી એક વખત બોલાવવાની** રહેશે.

(ખ) ટ્રસ્ટી મંડળની સભાની સુચના ૭ દિવસ અગાઉ આપવાની રહેશે.

(ગ) ટ્રસ્ટી મંડળની **મીટીંગનું કોરમ** કુલ ટ્રસ્ટી મંડળની સભ્ય સંખ્યાના ૧/૩ જેટલું રહેશે.

(ઘ) ટ્રસ્ટી મંડળની સભામાં પ્રમુખ-મંત્રી હોદ્દાની રૂહે સભ્ય તરીકે હાજર રહેશે તેમની સાથે ખજાનચી હાજર રહી શકશે અને પોતાનો અભિપ્રાય રજુ કરી શકશે.

(ચ) ટ્રસ્ટી મંડળની સભામાં થયેલ **ઠરાવોની નોંધ મીનીટ્સ બુકમાં** નોંધવામાં આવશે.

(છ) ટ્રસ્ટીમંડળની સભામાં નિર્ણયો બહુમતીથી લેવાશે અને મતદાન લેતા સરખા મત પડશે તેવા પ્રસંગે ટ્રસ્ટી મંડળ ના ચેરમેન તરીકે સભાના પ્રમુખ પોતાનો કાસ્ટીંગ વોટ (Casting Vote) આપી શકશે.

(જ) કોરમના અભાવે મુલતવી રહેલ ટ્રસ્ટ મંડળની સભા નિયત કરેલ કાર્યો માટે સભાના કામકાજના અડધો કલાક બાદ ફરીથી તે જ સ્થળે મળશે અને તે સભામાં થયેલ કાર્યો ટ્રસ્ટી મંડળની સભામાં થયેલા કાર્યો ગણાશે.

**(૨) કારોબારી સમિતી :**

(ક) કારોબારી સમિતીની મીટીંગ વર્ષમાં **ઓછામાં ઓછી બે વખત** મળશે.

(ખ) કારોબારી સમિતીની મીટીંગની સુચના ૭ દિવસ અગાઉ આપવાની રહેશે.

(ગ) કારોબારી સમિતીની મીટીંગમાં **પ્રમુખ સ્થાને સમાજના પ્રમુખ** રહેશે.

(ઘ) કારોબારી સમિતીની **મીટીંગોનું કોરમ** કુલ સંખ્યાના ૧/૩ ભાગનું રહેશે.

(ચ) કોરમના અભાવે મુલતવી રહેલ કારોબારી સમિતીની મીટીંગ કામકાજના અડધા કલાક બાદ એ જ સ્થળે નિયત કરેલા કાર્યો માટે બોલાવશે અને આ મીટીંગમાં લેવાયેલ નિર્ણયો કારોબારી સમિતીમાં લેવાયેલ નિર્ણય ગણાશે.

(છ) કારોબારી સમિતીની સભામાં થયેલ **ઠરાવોની નોંધ મીનીટ્સ બુકમાં** નોંધવાની રહેશે.

(જ) કારોબારી સમિતીના સભામાં નિર્ણયો બહુમતીથી લેવાશે અને જો સરખા મત પડશે તેવા પ્રસંગે પ્રમુખ પોતાનો કાસ્ટીંગ વોટ ( Casting Vote ) આપી શકશે.

(ઝ) સમાજનાં ઉદ્દેશો અને હેતુઓ સિધ્ધ કરવા માટે બનાવેલ યોજનાઓના ખર્ચને મંજુરી આપવાની, નવી યોજનાઓ ના અંદાજપત્ર માટે ભંડોળની ફાળવણી કરવાની કાર્યવાહી કારોબારી સમિતીની સભા કરી શકશે.

**(૩) સામાન્ય સભા :**

(ક) સમાજના આજીવન સભાસદોની સભા **સામાન્ય સભા** કહેવાશે.

(ખ) સમાજના સભ્યોની સામાન્ય સભા વર્ષમાં **ઓછામાં ઓછી એક વખત બોલાવવાની** રહેશે. આવી સભા પ્રત્યેક નાણાંકીય વર્ષ પુરૂ થયાને **૬ માસની અંદર** બોલાવવાની રહેશે.

(ગ) સામાન્ય સભાની સુચના કામકાજની વિગત સાથે સમાજના પ્રત્યેક સભ્યને ઓછામાં ઓછા ૧૦દિવસ પહેલા આપવાની રહેશે.

(ઘ) સમાજની સામાન્ય સભાનું કોરમ ૨૧ સભ્યોનું રહેશે.

(ચ) કોરમના અભાવે મુલતવી રહેલ સામાન્ય સભાનું કામકાજ તેજ સ્થળે સભાના નિયત સમય અડધા કલાક બાદ નિયત કરેલ કાર્યો માટે મળી શકશે. અને તે સભામાં થયેલ કાર્યો સામાન્ય સભાના થયેલ ગણાશે.

**(૧૨) ઓડીટર :**

(૧) સમાજના હિસાબો ઓડીટ કરાવવા માટે ઓડીટરની નિમણુંક અને મહેનતાણાંની રકમ સામાન્ય સભામાં નક્કી કરવામાં આવશે.

(૨) ઓડીટર તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C.A.) ની માન્ય પદવી ધરાવનારની જ નિમણુંક કરવાની રહેશે.

**(૧૩) અન્ય પ્રોજેક્ટો :**

સમાજના હિત માટે ભવિષ્યમાં કોઈપણ પ્રોજેક્ટ અથવા યોજના કરવામાં આવે તો તેના અલગ નિતિ-નિયમો ટ્રસ્ટી મંડળ તેમજ કારોબારી સમિતી બનાવી શકશે. જરૂરીયાત પ્રમાણે નિષ્ણાતોની સલાહ-સુચન લઈ શકશે અને જે તે પ્રોજેક્ટ માટે અલગ પેટા સમિતી રચી શકશે.

**(૧૪) બંધારણમાં સુધારો :**

આ બંધારણની કોઈપણ કલમમાં સુધારો કરવાનો થાય તો સામાન્ય સભામાં હાજર સભ્યોની ૨/૩ બહુમતીથી નિર્ણય લઈને કરી શકાશે. બંધારણ આ સુધારા અંગેની લેખિત સુચના સમાજના પ્રત્યેક સભ્યને મોકલવાની રહેશે. અને બંધારણમાં ફેરફારના કારણો દર્શાવવાના રહેશે.

## તા. ૪-૪-૨૦૦૪ના રોજ સમાજની સામાન્ય સભામાં સર્વાનુમતે પસંદગી પામેલ ટ્રસ્ટીઓની યાદી

| નં. | નામ | હાલ | સહી | મુળ વતન |
|---|---|---|---|---|
| (૧) | શ્રી વિનોદભાઇ મંગળદાસ શાહ | - સિધ્ધપુર | | પસવાદળ |
| (૨) | શ્રી રજનીકાન્તભાઇ પરસોત્તમદાસ શાહ | - છાપી | | માહી |
| (૩) | શ્રી કનૈયાલાલ ભીખાલાલ શાહ | - અમદાવાદ | | સુંઢિયા |
| (૪) | શ્રી નરેન્દ્રભાઇ પોપટલાલ શાહ | - અમદાવાદ | | સિધ્ધપુર |
| (૫) | શ્રી નવિનભાઇ બબલદાસ શાહ | - ઉંઝા | | વાલમ |
| (૬) | શ્રી પ્રવિણભાઇ નરોત્તમદાસ શાહ | - સિધ્ધપુર | | મહેરવાડા-ભુણાવ |
| (૭) | શ્રી અશેષભાઇ લક્ષ્મણદાસ શાહ | - મહેસાણા | | વિસનગર-વડનગર |
| (૮) | શ્રી મધુસુદનભાઇ માણેકલાલ શાહ | - અમદાવાદ | | બાલીસણા |
| (૯) | શ્રી બાલકૃષ્ણભાઇ વ્રજલાલ શાહ | - મહેસાણા | | મહેસાણા |
| (૧૦) | શ્રી મનહરલાલ શાંતિલાલ કોઠારી | - નવા ડીસા | | |
| (૧૧) | શ્રી બીપીનભાઇ પ્રેમાનંદદાસ શેઠ | - મહેસાણા | | પ્રમુખ, હોદ્દાની રૂએ |
| (૧૨) | શ્રી કૌશિકભાઇ રસીકલાલ શાહ | - મહેસાણા | | મંત્રી, હોદ્દાની રૂએ |
| (૧૩) | શ્રી શૈલેષભાઇ ચીમનલાલ શાહ | - અમદાવાદ | | મંત્રી, હોદ્દાની રૂએ |